રે.દી.મુ. નં. ૬૧–૨૦૧૮

**<u>આંકઃ–૦૧ લગત હુકમ</u>**

વાદી દ્વારા તારીખ ૩૦–૦૭–૨૦૧૮ ના રોજ દાવો દાખલ કરવામાં આવેલ. પ્રતિવાદી તેમના વકીલ મારફતે હાજર રહીને તારીખ ૧૪–૦૮–૨૦૧૮ ના રોજ વકીલાત નામુ રાખી તેમના વાંધા આંકઃ–૧૧ થી રજુ કરવામાં આવેલ. તારીખ ૨૫–૦૯–૨૦૧૮ ના રોજ વાદી તરફે તેમના વકીલ દ્વારા મુદત અરજી રજુ કરતા તે મંજુર કરવામાં આવેલ. તારીખ ૨૫–૦૯–૨૦૧૮ ના રોજ વાદીના વકીલ દ્વારા જણાવવામાં આવેલ કે તારીખ ૯–૧૦–૨૦૧૮ ના રોજ વાદીઓને હાજર રાખશે અથવા તો તેમની માર્ગદર્શન મુજબ આગળની કાર્યવાહી કરશુ. કારણકે પ્રતિવાદી વિરોદર ગ્રામપંચાયત તથા તેમના વકીલ દ્વારા જણાવવામાં આવેલ છે કે જો સદરહુ દાવો ચલાવવામા નહી આવે તો સરકાર દ્વારા આપવામાં આવેલ ગ્રાન્ટમાં વાંધો આવે તેમ છે. વાદી દ્વારા અગાઉ પણ આવાજ પ્રકારનો દાવો પ્રતિવાદી સામે કરવામાં આવેલ અને કોર્ટ દ્વારા જે તે સમયે યોગ્ય તેમજ ન્યાયીક હુકમ કરવામા આવેલ છે. આજરોજ પોકાર કરતા વાદીઓ કે તેમના વકીલ હાજર નથી. સબબ દાવામાં મેરીટ પર હુકમ ન કરતા વાદી તથા તેમના વકીલશ્રી ગેરહાજર હોય તેમને સબબ દાવો ચલાવવામા રસ ન હોય તેમ જણાય આવે છે. જેથી દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળઃ–સુત્રાપાડા
તારીખઃ–૦૯–૧૦–૨૦૧૮

(સુનિલ લલિતકુમાર મહેતા)
પ્રિન્સિપાલ સીવીલ જજ, સુત્રાપાડા
જજ કોડ નં. જીજે–૦૧૨૨૯